# ગુજરાત પોલીસ ધ્વારા નાર્કોટીકસ ડ્રગ્સની બદી નેસ્તનાબુદ કરવા માટે કરેલ કામગીરીની વિગત

(૧) ગુજરાત પોલીસ ધ્વારા રાજયના શહેર/જીલ્લાઓમાં આવેલ શાળાઓ, કોલેજોના પ્રિન્સીપાલ સાથે સતત ગુગલ મીટ ધ્વારા મીટીંગ કરીને શાળાઓ, કોલેજો તેમજ મોલ-મલ્ટીપ્લેક્ષ, ગામડાઓ, કલબો તેમજ સોસાયટી વિસ્તારોમાં વિવિધ પોગ્રામો કરીને નાગરિકો/વિધાર્થીઓને ડ્રગ્સ અવરનેસની જાણકારી માટે અલગ અલગ ટીમો બનાવી, એન.જી.ઓ.ને સાથે રાખી ડ્રગ્સ અવરનેસના પોગ્રામ કરવામાં આવેલ છે. અને તેમાં ડ્રગ્સ અવરનેસને લગત પોસ્ટરો, હોર્ડીંગ્સ, શોર્ટ મુવી બતાવીને જનજાગૃતિ ફેલાવવામાં આવી.

(૨) તાજેતરમાં જ વડોદરા શહેર પોલીસ ધ્વારા ખાનગીરાહે સ્કુલોની નજીકમાં આવેલ ખાણીપીણીની દુકાનો તથા પાનના ગલ્લાઓ કે જયાં વિધાર્થીઓ વારંવાર એકની એક જગ્યાએ ચા-નાસ્તો કરવા માટે જતાં હોય તો શું એ ખાણીપીણીની વસ્તુમાં કોઇ નશાકારક પદાર્થ નાંખવામાં આવે છે કે કેમ ? તે બાબતે જુદી જુદી ટીમો બનાવી ગુપ્ત વોચ તપાસ કરેલ તે બાદ મ્યુ.કોર્પોરેશનના ફુડ સેફટી ઓફીસર તથા તેઓની ટીમને સાથે રાખી જુદાં જુદાં વિસ્તારોમાં આવેલ આવેલ શાળા-કોલેજની આજુબાજુમાં આવેલ ખાણીપીણીની દુકાનો તથા પાનના ગલ્લાઓ કુલ - ૪૫ જગ્યાઓએ ચેકીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ અને ફુડ સેફટી ઓફીસરો ધ્વારા શંકાસ્પદ નમુનાઓ તપાસ અર્થે કબજે કરવામાં આવેલ છે.

(3) ''Say Yes to Life, No to Drugs'' ના નારા હેઠળ ગુજરાત પોલીસ ધ્વારા નાર્કોટીકસ ડ્રગ્સની જનજાગૃતિ લાવવા સારૂ સોશીયલ મીડીયા મારફતે જાહેરાતો કરી લાખો નાગરિકોને શપથ (સંકલ્પ) લેવડાવવામાં આવેલ છે.

(૪) ગુજરાત પોલીસ ધ્વારા સમગ્ર રાજયના શહેર/જીલ્લાઓમાં ડ્રગ્સ અવરનેસ ફેલાવવા સારૂ એન.જી.ઓ. તથા અન્ય સંસ્થાઓ મારફતે મેરેથોન દોડ, સાઇકલ રેલી, બાઇક રેલી કાઢી શહેરના જુદાં જુદાં વિસ્તારોમાં ફરી ડ્રગ્સ અવરનેસને લગત પોસ્ટરો, બેનરો, હોર્ડીંગ્સ વિગેરે બતાવીને જનજાગૃતિ ફેલાવવામાં આવી.

(૫) ગુજરાત પોલીસ ધ્વારા એન.ઓ.જી. તથા ફેથ ફાઉન્ડેશનના સભ્યોને સાથે રાખી સમગ્ર રાજયના તમામ શહેર/જીલ્લાઓમાં છેલ્લાં દસ વર્ષમાં એન.ડી.પી.એસ. એકટ હેઠળના ગુન્હાઓમાં પકડાયેલ આરોપીઓને તા.૨૬/૧૨/૨૦૨૩ ના રોજ ડ્રગ્સના વ્યસનથી થતાં નુકશાન તથા સજાની જોગવાઇઓ બાબતે વાકેફ કરતો સેમીનાર યોજવામાં આવેલ.

--**--